# 4 વર્ષ નિર્ણાયક નેતૃત્વના



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

મુખ્યમંત્રી **શ્રી વિજયભાઇ રૂપાણી** અને
નાયબ મુખ્યમંત્રી **શ્રી નીતિનભાઇ પટેલ**ના
નિર્ણાયક નેતૃત્વના ચાર વર્ષ પુર્ણ

## ગુજરાતની ઉત્તમથી સર્વોત્તમ તરફની આગેકૂચ

### 1460 દિવસમાં 1500 થી વધુ જનહિતના નિર્ણય

- **ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમને તેની મહત્તમ ઊંચાઇ સુધી પહોંચાડાયો અને પાણીથી સંપૂર્ણ ભરાયો**
- જ્ઞાતિ–જાતિના વિગ્રહો કરાવનાર પરિબળોને ડામીને ગુજરાતમાં ચાર વર્ષથી સામાજિક સૌહાર્દ, બધા સમાજને પ્રગતિમાં પૂરતો ન્યાય, કોઈની ઉપેક્ષા નહી અને સૌ સમાજનો સહિયારો વિકાસ "**સબ સમાજકો લીયે સાથ મે આગે હી બઢતે જાના હૈ**" ની ન્યાયપૂર્ણ નીતી
- **વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ** અને કેવડિયા ખાતે વર્લ્ડ ક્લાસ ટૂરિઝમ. ગત વર્ષે તાજમહેલ કરતા વધારે પ્રવાસીઓએ સ્ટેચ્યુ ઑફ યુનિટી જોવા આવ્યા
- સુજલામ સુફલામ જળ સંગ્રહ અભિયાન થકી જનભાગીદારી દ્વારા **૪૨,૦૦૦ લાખ ઘનફૂટ વધારાના પાણીનો સંગ્રહ કરાયો**
- સૌરાષ્ટ્રમાં દુષ્કાળ બન્યો ભૂતકાળ, સૌની યોજનાનો ઝડપી અમલ : **સૌની યોજનાથી સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ નર્મદાના પાણીથી ભરાયા**
- ૫૩૨૨ કરોડની બહુહેતુક ભાડભૂત યોજનાનાં ફળસ્વરૂપે નર્મદાના નીરમાં ખારું પાણી આવતું અટકશે અને જમીન ધોવાણની સમસ્યા પર અંકુશ લાગશે, ઉપરવાસમાં ૫૯૯ મિલિયન ઘનફૂટ વરસાદી પાણીનો સંગ્રહ થશે અને ૧૭ ગામોને પૂરની અસરથી બચાવાશે
- કોઈપણ સમાજનો મેરિટ ધરાવતો છાત્ર ઉચ્ચ શિક્ષાથી વંચિત ના રહે તે માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રૂ. ૧૦૦૦ કરોડની ફાળવણી, ૨ લાખ યુવાનોના સપના થયા સાકાર
- છેલ્લા ચાર વર્ષમાં **૧ લાખ યુવાનોને મળી સરકારી નોકરી** અને ૪૦૦૦ ભરતી મેળા દ્વારા **૧૦ લાખથી વધુ યુવાનોને નોકરી આપવામાં આવી**
- **શિક્ષણમાં આમૂલ પરિવર્તનઃ** ગામડાઓમાં આધુનિક શિક્ષણ મળી રહે તે માટે ૧૫,૦૦૦ ડિજિટલ ક્લાસરૂમનું નિર્માણ અને કોલેજના ૮ લાખ વિદ્યાર્થીઓને ટેબલેટનું વિતરણ, છેલ્લા ૪ વર્ષમાં ૭ નવી મેડિકલ કોલેજ અને ૧૯૭૦ નવી મેડિકલ બેઠકો ઉમેરાઈ
- **પહેલા પ્રોડ્કશન પછી પર્મિશનની** નવતર નીતિથી લઘુ ઉદ્યોગોને મળ્યું પ્રોત્સાહન અને રોજગારીના સર્જનમાં થયો વધારો
- ખેડૂતોને રાત્રે ખેતરમાં ઉજાગરા ન કરવા પડે અને દિવસે વીજળી મળતી રહે તે માટે મુખ્યમંત્રી લાવ્યા "**દિનકર યોજના**"
- છેલ્લા ચાર વર્ષમાં **ટેકાના ભાવે રૂ.૧૫,૯૦૦ કરોડથી** વધુના મૂલ્યોના ખેત પેદાશની લાખો ખેડૂતો પાસેથી કરાઇ ખરીદી
- **ભ્રષ્ટાચારને નાથવા માટે કાયદામાં વ્યાપક ફેરફારો** અને ACB ને CBI જેવી સત્તાઓ, ટેક્નોલોજીથી સજ્જ બનાવાઇ
- અનુસુચિત જાતીને સાંથણીની ૨૬૦ એકરથી વધુ જમીનની સોંપણી કરીને ન્યાય અને અધિકાર આપવામાં આવ્યો
- આદિવાસી બંધુઓ માટે "પેસા એક્ટ"નો અમલ અને જંગલ ખેડે એની જમીનની રીતે લાખો આદિવાસીઓને જમીનના માલિક બનાવ્યાં
- બનાસકાઠાંનું પૂર હોય, ૯૬ તાલુકામાં અછતની સ્થિતિ હોય, વાયુ વાવાઝોડું હોય, માવઠાની માર હોય કે પછી કોરોનાની મહામારી, દરેક વખતે **ગુજરાત સરકાર પ્રજાની પડખે ઉભી રહી છે**
- ઐતિહાસિક રીતે શહેરોની પ્રગતિને વેગ આપવા **૪૦૦થી વધુ ટાઉન પ્લાનિંગ** (TP-DP) **સ્કીમોની પારદર્શક અને ઝડપી મંજૂરી**
- રિન્યુએબલ એનર્જીમાં થયા ઐતિહાસિક કામો, **દેશના કુલ સોલાર રૂફટોપમાંથી ૬૪% એકલા ગુજરાતમાં**, સોલાર અને વિન્ડપાર્ક દ્વારા 30,000 MW વીજળી ઉત્પાદનનો સંકલ્પ
- જીવદયા માટે કરુણા અભિયાનની નવી પહેલ, **૪૬૦ હરતાં ફરતાં પશુ દવાખાના**, પાંજરાપોળ અને ગૌ–શાળાઓને વિશેષ સહાયતાઓ
- RTO તેમજ મહેસૂલ વિભાગની NA(બિનખેતી) સહિતની મોટાભાગની કામગીરી ઓનલાઇન કરાઈ જેથી ભ્રષ્ટાચાર પર અંકુશ લાગ્યો
- CM ડેશબોર્ડ દ્વારા રાજ્યના દરેક વિભાગોની કામગીરી પર મુખ્યમંત્રીની સીધી નજર, વહિવટ અને વિકાસના કામો પર ૩૪૦૦ ઈન્ડિકેટર્સ દ્વારા પળે પળ નજર
- કોરોનોની મહામારીમાં ગુજરાત સરકારની ઉત્કૃષ્ઠ કામગીરીઃ IIM એ સર્વે મુજબ **કોરોના કાળમાં રાજ્યના ૮૦% નાગરિકો CMના નેતૃત્વથી ખુશ**
- કોરોનાની મહામારીમાં **અમદાવાદમાં ૧૨૦૦ બેડની અને સુરતમાં ૧૦૦૦ બેડની હોસ્પિટલનું માત્ર ૧૦ દિવસના જ રેકોર્ડ સમયમાં નિર્માણ કરાયું**
- **રાજ્યમાં કોરોના દર્દીઓનો રિકવરી રેટ ૭૪% એ પહોંચાડ્યો** તેમજ મૃત્યુદરમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાયો
- **૨૦ લાખ શ્રમિકોને માનભેર અને ઝડપી તેમના વતન પહોંચાડયા**
- **લોકડાઉન દરમિયાન રાજ્ય સરકાર દ્વારા APL અને BPL પરિવારોને ૩૬૯૫ કરોડના મુલ્યનું અનાજ નિઃશુલ્ક વિતરણ કરાયું**
- **નાના દુકાનદારો અને પરંપરાગત વ્યવસાયિકોને પુનઃ પગભર કરવા રૂ. ૧૪૦૦૦ કરોડનું આત્મનિર્ભર ગુજરાત પેકેજ**